# કોરોનાના કહેરને નાથવા અરવલ્લી જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેને કલેક્ટરને લખ્યો પત્ર

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લામાં કોરોનાના વધતા કહેરને વહીવટીતંત્ર અને જિલ્લા પંચાયતને ભલે ચિંતા ન હોય પણ જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિ ચિંતામાં મુકાઈ ગઈ છે. જિલ્લામાં કોરોનાના વધતા કહેરને લઈને આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ. ચિરાગ ઉપાધ્યાએ ચિંતા વ્યક્ત કરી છે. મોડાસા શહેરમાં કોરોનાના કેસ હવે સેન્ચ્યુરી સુધી પહોંચ્યા છે, તો જિલ્લામાં ડબલ સેન્ચ્યુરી પર પહોંચી ગયા છે. અરવલ્લી જિલ્લામાં કોરોનાનો મૃત્યુઆંક પણ ૧૪ થી વધીને ૧૮ પર પહોંચ્યો છે, પણ આરોગ્ય વિભાગના પેટનું પાણી નથી હલતું ને વહીવટીતંત્ર હજુ ઊંઘમાંથી જાગતું ન હોય તેવું લાગી રહ્યું છે. શહેરમાં સતત કોરોનાના વધતા કહેરને લઈને વહીવટીતંત્ર શું કરે છે, તે પણ હજુ સુધી બહાર આવતું નથી, તો મીડિયા બ્રિફ કરવાનું પણ ટાળવામાં આવતું હોય તેવું લાગી રહ્યું છે, જ્યાં સુધી લોકો સુધી સાચી માહિતી અને જાણકારી નહીં પહોંચે ત્યાં સુધી લોકોને કોરોનાની ગંભીરતા કેવી રીતે સમજાશે તે પણ એક સવાલ ઉઠી રહ્યો છે.



કોરોનાનો કહેર વધી રહ્યો છે, ત્યારે જિલ્લા પંચાયત આરોગ્ય સમિતિના ચેરમેન ડૉ. ચિરાગ ઉપાધ્યાએ જણાવ્યું છે કે જિલ્લામાં કોરોનાના વધતા કેસને લઈને વહીવટીતંત્ર દ્વારા નિષ્ણાંત તબીબો, ચૂંટાયેલા પ્રતિનિધીઓ, વિવિધ સામાજિક સંગઠનના આગેવાનો સાથે બેઠક કરવી જોઈએ અને કોરોનાના કહેરને લઈને કોઈ ચોક્કસ એક્શન પ્લાન ઘડવો જોઈએ. અરવલ્લી જિલ્લામાં કોરોનાના કેસ બસો થયા છે અને સૌથી વધારે સ્થિતિ ખરાબ હોય તો તે મોડાસા શહેરને છે. મોડાસા શહેરમાં કોરોનાના પોઝિટિવ કેસ અને મૃત્યુઆંક પણ દિવસેને દિવસે વધી રહ્યો છે. પણ વહીવટી તંત્ર કયા એક્શન પ્લાન પર કામ કરી રહ્યું છે, તે કોઈને સમજાતું નથી. વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓને બંધ બારણે એક્શન પ્લાન ઘડવામાં સારૂ લાગતું હોય તેવું પણ લાગી રહ્યું છે.

સાહેબ દોડે છે પણ જે સપોર્ટ ગ્રાઉન્ડ લેવલના અધિકારીનો મળવો જોઈએ તે મળતો ન હોય તો જ આવું શક્ય બની શકે. બાકી તો અરવલ્લી જિલ્લામાં કૉરોનાને લઈને જે કામગીરી કરવામા આવી રહી છે તે કદાચ અસરદાર બની શકી હોત. સાહેબને આંકડાકીય માહિતી પહોંચાડી દેતા ગ્રાઉન્ડ લેવલના અધિકારીઓ જરા ઊંડો વિચાર કરીને અરવલ્લી જિલ્લાની જનતાની ચિંતા કરો, કારણ કે, જાન હૈ તો જહાન હૈ.

મોડાસા શહેરમાં કોરોનાના કેસ વધાવાનું કારણ આ પણ હોઈ શકે..!!

મોડાસા શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી કોરોનાના કેસમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેના કેટલાક કારણો સોશિયલ ડિસ્ટન્સનો અભાવ છે. મોડાસા શહેરની વિવિધ બેંક બહાર ગ્રાહકોની લાંબી કતારો, શાકભાજીની લારીઓ પર વિક્રેતાઓમાં માસ્કનો અભાવ, દુકાનોની બહાર ગ્રાહકોની ભીડ, નાસ્તાની ધમધમતી લારીઓ ભીડ, જનસેવા કેન્દ્રની બહાર અરજદારોમાં સોશિયલ ડિસ્ટેન્સનો અભાવ વગેરે. કોરોનાના વાઈરસના શરૂઆતી કહેર સમયે સોશિયલ ડિસ્ટેન્સનો જોર-શોરથી અમલવારી માટે ભાર મુકવામાં આવતો હતો તે કુંડાળા હવે જોવા નથી મળી રહ્યા.

# પોશીના તાલુકામાં અજાવાસ પીએચસી સેન્ટરના ડોક્ટર અને ગુલ્લીબાજ સ્ટાફને જિલ્લા અધીકારીની નોટિસ

સીડીએચઓએ અજાવાસની વીઝીટ કરી હતી તે દરમ્યાન અજાવાસ ખાતે આખું પીએચસી સેન્ટર પર ખંભાતી તાળાં મારેલા હતા. ત્યારે જીલ્લાના અધિકારીએ પોશીના બ્લોક હેલ્થ ઓફીસરને જાણ કરી હતી ત્યાર બાદ તાલુકા હેલ્થ ઓફીસરે ૨૦ તારીખના રોજ તાળા મારી ક્યાં ગયા હતા તેવી નોટિસ તા. ૨૪ જુનના રોજ આપી હતી ત્યાર બાદ જીલ્લામાં વહીવટીતંત્ર ફરજ પર બેદરકારી લાપરવાહી લાગતાં મેડિકલ ઓફીસર ડોક્ટર જીતેન્દ્ર જાધવને નોટિસ આપી હતી.

બ્લોક હેલ્થ ઓફીસરને પુછતાં તેમણે કહ્યું હતું કે અમારા જીલ્લાના અધિકારીએ સીધી વિઝીટ કરી હતી. નોકરી પર ગેર હાજરીમાં હતી તેથી અમોએ નોટિસ આપી છે ચાર દિવસમાં ખુલાસો કરી જવા જણાવ્યું છે.

# કારમાં આવેલ નાગા બાવાની ગેંગે શિક્ષકને આશ્રમનું સરનામું પૂછી નજીક બોલાવી બાવાએ હાથમાં પહેરેલ લકી અને વીંટી ખેંચી લીધી

મોડાસા, તા. ૨૭

રાજ્યના મોટા શહેરોમાં નંબર પ્લેટ વગરની કારમાં આવી સાધુનો વેશ ધારણ કરીને વહેલી સવારે સરનામું પૂછવાના બહાને સોનાના દાગીના પડાવી લેતી ગેંગનો આતંકના કિસ્સા અનેકવાર બન્યા છે. ત્યારે હવે આ ગેંગ નાના શહેરો અને ગ્રામ્ય વિસ્તારમાં પણ લોકોને નિશાન બનાવી રહી છે. ત્યારે આ ગેંગની વધુ એક કરતૂત બહાર આવી છે. મોડાસા-હિંમતનગર રોડ પર આવેલ ભવાનપુર પાટિયા નજીકથી પસાર એક્ટિવા લઈ પસાર થતા દિવ્યાંગ શિક્ષકને નંબર પ્લેટ વગરની બ્રેઝા કારમાં નાગાબાવાની ગેંગે અટકાવી કાર પાછળ દિગંબર અવસ્થામાં બેઠેલ સંતને આરામ કરવો છે તો નજીકમાં આશ્રમ હોય તો બતાવો કહી કાર નજીક બોલાવી પાછળ બેઠેલ ભભૂતિ ધારી નાગાબાવા જેવા દેખાતા શખ્સે શિક્ષકનાં હાથમાં પહેરેલ સોનાની લકી અને વીંટી ખેંચી લઈ કારમાં ફરાર થઈ જતાં શિક્ષક હોફાળો-ફોફાળો બની ગયો હતો અને કારનો પીછો કરવાનો નિર્થક પ્રયાસ કર્યો હતો. આ અંગે શિક્ષકે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસા તાલુકાની ખુમાપુર પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા જયંતિ ભાઈ રણછોડ ભાઈ પાઠક થોડા દિવસ અગાઉ શાળામાં નોકરી પૂર્ણ થતા એક્ટિવા લઈ પરત મોડાસા ઘરે આવવા નીકળ્યા હતા ત્યારે ભવાનપુર પાટિયા નજીક રાજેન્દ્રનગર તરફથી આવેલી નંબર પ્લેટ વગરની બ્રેઝા કાર તેમની નજીક આવી હતી. જેમાં ડ્રાઈવર, તેની બાજુમાં સાધુના વેશમાં એક શખ્સ અને પાછલી સીટમાં એક શખ્સ એમ ત્રણ શખ્સો બેઠા હતા. આ સાધુએ કારનો કાચ ઉતારીને નજીકમાં કોઈ આશ્રમ હોય તો જણાવવા માટે કહ્યું હતું. જયંતિભાઈ પાઠકે નજીકમાં આશારામ આશ્રમ હોવાનું કહેતા આ સાધુએ તેમને આશ્રમ જવાનો રસ્તો પૂછ્યો હતો. રસ્તો બતાવ્યા બાદ પાછળ બેઠેલા સાધુએ શિક્ષકના હાથમાં પહેરેલી સોનાની લકી અને વીંટી કીં. રૂ.૪૮૦૦૦ ખેંચી લઈ કાર દોડાવી મુકતા શિક્ષકે એક્ટિવા પર કારનો પીછો કરીને નંબર મેળવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ કાર નંબર પ્લેટ વગરની હોવાનું જાણવા મળ્યું હતું. નાગાબાવાની ગેંગનો શિકાર બનેલા શિક્ષકે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા રૂરલ પોલીસે કારમાં સરનામું પૂછી લૂંટ ચલાવનાર ત્રણ શખ્સો સામે ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

મોડાસા-હિંમતનગર રોડ પર અંદાજે એક વર્ષ અગાઉ પણ નંબર પ્લેટ વગરની કારમાં આવેલ નાગાબાવાનું રૂપ ધારણ કરી એક વૃદ્ધને સરનામું પૂછવાને બહાને લૂંટી લીધા હતા ત્યારે હવે આ ગઠિયાઓ અન્ય કોઈ વ્યક્તિને શિકાર બનાવવામાં સફળ થાય છે કે તે પહેલા જ પોલીસના સકંજામાં આવી જાય છે કે નહિ તે જોવું રહ્યું.

# અરવલ્લીમાં જેલના ૧૨૭ કેદીઓ અને ૧૭ જેલ સ્ટાફના કોરોનાના સેમ્પલ લેવાયા

## કોરોનાને લઇ બે દિવસ કેમ્પ યોજી જેલના કેદીઓ અને પોલીસકર્મીઓના આરોગ્યનું નિદાન કરાયું

હાલ સમગ્ર દેશ અને રાજ્યમાં કોરોનાનો વ્યાપ વધી રહ્યો છે ત્યારે અમદાવાદ અને બીજા શહેરમાં લોકોની રક્ષા કાજે તૈનાત પોલીસ કર્મચારીઓ પણ કોરોનાના સંક્રમણમાં આવ્યા છે અને ઘણી જેલમાં કેદીઓ પણ કોરોનાની ઝપેટમાં આવ્યા છે ત્યારે અરવલ્લીમાં તકેદારીરૂપે જેલના કેદીઓ તેમજ જેલ સ્ટાફના આરોગ્યનું નિદાન કરી કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા.



અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ ગ્રામ્ય તથા શહેરી વિસ્તારમાં જોવા મળતા કોરોનાનો આંક ૨૦૦ને પાર પંહોચી ગયો છે. ત્યારે મોડાસા શહેરમાં જ કોરોનાના ૯૦થી વધુ કેસ મળી આવ્યા છે જેને લઈ મોડાસા શહેરીજનોના આરોગ્યની દરકાર માટે વિશેષ કાળજી લેવામાં આવી રહી છે. જેમાં મોડાસા જેલમાં સજા કાપી રહેલા કેદીઓની પણ સંભાળ લેવામાં આવી રહી છે. જેમાં બે દિવસ દરમિયાન વિશેષ કેમ્પનું આયોજન કરીને જેલના ૧૨૭ કેદીઓ તેમજ તેમની પાસે ફરજ બજાવતા ૧૭ જેલ સ્ટાફના કોરોનાના સેમ્પલ લેવામાં આવ્યા હતા. જો કોઈ કેદી કે સ્ટાફ કોરોનાના દર્દીના સંક્રમણ આવ્યા હોય તો આરોગ્ય વિભાગની ટીમ દ્વારા લેવામાં આવેલા પીસીઆર ટેસ્ટના પરીણામ થકી માલૂમ પડશે.

# ધનસુરા તાલુકામાં કોરોનાનો એક કેસ પોઝિટીવ નોંધાયો

## અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના હીરાખડી કંપાના વૃદ્ધને કોરોના

ધનસુરા તાલુકામાં કોરોનાનો એક પોઝિટીવ કેસ નોંધાયો હતો. ધનસુરાના હીરાખડી કંપામાં કોરોનાનો એક કેસ પોઝિટીવ નોંધાયો હતો. તેઓને વાત્રક ખાતે સારવાર આપવામાં આવી હતી. હીરાખડી કંપાના વૃદ્ધને કોરોના પોઝિટીવ નોંધાયો હતો. તેમનું સેમ્પલ લેવામાં આવ્યું હતું ત્યાર બાદ રીપોર્ટ પોઝિટીવ આવતા આરોગ્ય વિભાગ ધ્વારા તાત્કાલિક ધોરણે આ વિસ્તારને સીલ કરવામાં આવ્યો હતો અને આ વિસ્તારમાં અવરજવર પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. ધનસુરા તાલુકામાં અત્યાર સુધી કોરોનાના ૨૦થી વધુ કેસ નોંધાયા છે. તકેદારીના ભાગ રૂપે ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર યોગેશભાઈ ગોસ્વામીના માર્ગદર્શન હેઠળ તાત્કાલિક ધોરણે ધનસુરાના હીરાખડી કંપામાં સેનેટાઈઝ કરવાની અને સર્વેની કામગિરી હાથ ધરવામાં આવી હતી. અરવલ્લી જિલ્લા કલેકટરશ્રી અમૃતેશ ઔરંગાબાદકરે સુરક્ષા બાબતે તકેદારી પગલાંરૂપે આ વિસ્તારને COVID-19નો Containment Area તરીકે જાહેર કરી લોકોની અવરજવર ઉપર પ્રતિબંધ ફરમાવ્યો હતો.

# ધાનેરા તાલુકાના મગરાવા ગામે પશુપાલકના ૧૦ પશુઓના મોત નિપજતા અરેરાટી

ધાનેરા તાલુકાના મગરાવા ગામે એકજ ખેડુતને એક સાથે ૧૦ પસુઓના મોત થતાં અરેરાટી વ્યાપી જવા પામી છે. આ અંગે તાલુકા પંચાયતમાં જાણ થતાં તાલુકા વિકાસ અધિકારી સહીત બનાસડેરીના ડોક્ટરો ની ટીમ પણ મગરાવા ખાતે પહાંચી હતી. અને તપાસ કરવામાં આવતા રાત્રે જે પસુદાણ અને પાપડી પલાળેલ હતી તેમાં કઈક થવાથી તેના ખાવાના કારણે મોત નિપજ્યુ હોવાનુ પ્રથમ તબ્બકે બહાર આવ્યુ હતુધાનેરા તાલુકામાં પાણી ના તળ ઉંડા જતા મોટા ભાગના લોકો પસુપાલન ઉપર નિર્ભર છે. અને સમગ્ર રાજયમાં ધાનેરા તાલુકો દુધ ઉત્પાદનમાં પ્રથમ ક્રમે રહેલ છે. હાલમાં વાત કરવામાં આવે તો તાલુકાના મગરાવા ગામે રહેતા પ્રકાસભાઈ તળસાભાઈ પટેલ પોતાના પરીવાર સાથે ખેરતમાં રહીને મોટા પ્રમાણમાં પસુપાલન રાખીને પોતાનુ ગુજરાન ચલાવી રહ્યા છે. પ્રકાસભાઈ પટેલ ને ત્યાં સવારે પોતાના પસુઓને રાત્રે પલાળવામાં આવેલ ખાંણ મુકીને પસુઓને દોહવામાં આવ્યા હતા અને ત્યાર પછી અચાનક એક એક કરીતે તે ખાંણ ખાનાર પસુઓ જમીન ઉપર પડવા લાગતા પ્રકાસભાઈ દ્વારા તાત્કાલીક બનાસડેરીના ડોકટરો તેમજ સરકારી ડોકટરોને ફોન કર્યા હતા. જેથી બનાસડેરીના ડોક્ટર આવી પહાંચ્યા હતા અને સારવાર હાથ ધરી હતી પરંતુ તે ખાંણ ખાનાર તમામ પસુઓ મોતને ભેટયા હતા. જેથી આ ખેડુત ઉપર જાણે આભ ટુટી પડ્યુ હોત તેમ પોકે પોકે તમામ પરીવારજનો રડવા લાગ્યા હતા અને આ ઘટનાની જાણ થતાં મગરાવા ડેલીકેટ નારણભાઈ ચૌધરી તથા અન્ય લોકો પણ આવ્યા હતા. તેમજ બનાસડેરીના આવેલ ડોક્ટર દ્વારા પોતાની ટીમના અધિકારીને જાણ કરતાં તેઓ પણ પોતાની ટીમ સાથે આવ્યા હતા અને તાલુકા વિકાસ અધિકારી પણ સરકારી ડોક્ટરોની ટીમ સાથે પહાંચ્યા હતા. અને જે દાણ આ પસુઓને આપવામાં આવેલ તે દાણના સેમ્પલ પણ લેવાયા હતા.મારા પાસે ૨૦ જેટલા નાના મોટા પસુઓ હતા જેમાં ના જે દુધ આપતા હતા તેવા પાંચ ભેસ તથા ત્રણ શંકર ગાય અને એક દેસી ગાય સાથે બે નાના પસુઓ હતા. અને તેમને સવારે દોહવા માટે ખાંણ મુકવામાં આવેલ અને આ ખાંણ ખાધા પછી ટપોટપ તેમના મોત નિપજ્યા હતા.

# અનુપમ પ્રાથમિક શાળા થરાદ તેમજ બી. આર. સી. ભવન ધાનેરા ખાતે ઓટોમેટીક મશીન લગાવ્યા

કોરોના થી બચવા માટે સેનીટાઇઝર તેમજ સોશિયલ ઙ્ઘૈજંટ્ઠહષ્ઠી નું પાલન કરવું ખૂબ જ જરૂરી છે ત્યારે બીઆરસી ભવન તેમજ અનુપમ પ્રાથમિક શાળા ના આચાર્યશ્રી દ્વારા બાળકો અને શિક્ષકો માં કોરોના વાયરસનું સંક્રમણ ન ફેલાય તે માટે આજે ઓટોમેટીક સેનીટાઇઝર મશીન લગાડવામાં આવ્યા છે બી.આર.સી.ભવન ધાનેરા ખાતે ઈશ્વર ભાઈ ગલચર દ્વારા પણ સેનેટાઈઝર મશીન લગાડવામાં આવ્યું છે બી.આર.સી ભવન ખાતે આવતા શિક્ષકોમાં તેમ જ કામ અર્થે આવતા અન્ય લોકોમાં કોરોના વાયરસનું સંક્રમણ ન ફેલાય તે માટે આજે ઓટોમેટીક સેનીટાઈઝર મશીન લગાડવામાં આવ્યા છે.

# અરવલ્લી જિલ્લામાં મુખ્ય શિક્ષકોને ફરજિયાત શાળામાં હાજર રહેવાના ફરમાનથી ભારે રોષ

## અરવલ્લી જિલ્લાના શિક્ષકોના વહીવટી પ્રશ્નો અભરાઈએ

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીને માત્ર શાળાઓમાં મુલાકાત લેવામાં જ રસ છે. શિક્ષકોના વહીવટી પ્રશ્નો ઉકેલવામાં કોઈ જ રસ નથી. જિલ્લાના એક તાલુકામા નિવૃત્ત થતાં પ્રાથમિક શિક્ષકોની પેન્શન બાબતની ફાઈલ તૈયાર કરવાના દસથી પંદર હજાર ભાવ બોલાઈ રહ્યો છે એટલું જ નહિ શિક્ષકોના અન્ય પ્રશ્નો જેવા કે સળંગ નોકરીના હુકમો ઉચ્ચતર પગાર ધોરણનો પ્રશ્ન સહિતના અનેક વહીવટી પ્રશ્નો હાલ અભરાઈએ ચડી ગયા હોય તેવું લાગી રહ્યું છે.

મોડાસા, તા. ૨૭

અરવલ્લી જિલ્લાના પ્રાથમિક શિક્ષકોને કોરોના મહામારીમાં સોપવામાં આવેલ કામગીરી ખડેપગે નિષ્ઠાપૂર્વક પૂર્ણ કરી છે. માસ્ક બનાવવાની કામગીરી હોય, રાસન વિતરણની કામગીરી હોય કે અન્ય કામગીરીમાં પોતાના જીવની પરવા કર્યા વગર શિક્ષકો હંમેશા ખડે પગે તૈયાર રહ્યા છે.

ગુજરાત રાજ્ય શિક્ષણ વિભાગ દ્વારા વેકેશન ખુલતા પહેલાં જ વિદ્યાર્થીઓને હોમ લર્નિંગનો પરિપત્ર બહાર પાડીને શાળામાં પણ જરૂરિયાત મુજબના શિક્ષકોને હાજર રહેવાનો પરિપત્ર કરવામાં આવ્યો છે. તેમાં મુખ્ય શિક્ષકોએ ફરજિયાત હાજર રહેવા બાબતનો કોઈ ઉલ્લેખ કરેલ નથી. સરકારના પરિપત્ર મુજબ રોટેશન પદ્ધતિથી શિક્ષકો ફરજ બજાવી રહ્યા છે ત્યારે અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ પોતાના તઘલખી નિર્ણયથી સી.આર.સી. ઓને મેસેજ દ્વારા જાણ કરીને મુખ્ય શિક્ષકોની ફરજીયાતપણે શાળામાં હાજર રહેવા બાબતની સુચના આપવામાં આવતા જિલ્લાના મુખ્ય શિક્ષકોમાં ભારે રોષ ફેલાયો છે.

હાલમાં ચાલી રહેલી કોરોના મહામારીને પગલે સરકાર દ્વારા શિક્ષકો એકસાથે શાળામાં ભેગા ન થાય તે હેતુસર જરૂરિયાત મુજબના જ શિક્ષકોએ શાળામાં હાજર રહેવાનો પરિપત્ર કરેલ છે, જ્યારે અરવલ્લી ડીપીઓએ મુખ્ય શિક્ષકોને ફરજિયાતપણે શાળામાં હાજર રહેવાના કોઈ પરિપત્ર વગર સી.આર.સી.ને મૌખિક સૂચના આપી દીધેલ છે. સી.આર.સીઓએ પણ પોતાના ક્લસ્ટરના મુખ્ય શિક્ષકોને ફરજિયાતપણે હાજર રહેવાની જાણ કરી દેતા મુખ્ય શિક્ષકોમાં ભારે રોષ ફેલાયો છે.

## શિક્ષકો રોટેસન પધ્ધતિ મુજબ ફરજ બજાવશે જિલ્લા પ્રા.શિ.સંઘ

અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ મુખ્ય શિક્ષકોએ ફરજિયાતપણે શાળામાં હાજર રહેવાના તઘલખી નિર્ણય કરતા અરવલ્લી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘ દ્વારા શિક્ષકોને રાજ્ય સરકારના પરિપત્ર તેમજ રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘની સુચના અનુસાર રોટેશન પદ્ધતિથી જ ફરજ બજાવવા એટલે કે મુખ્ય શિક્ષકોએ પણ રોટેશન પદ્ધતિ મુજબ જ વહીવટી કામગીરી કરવા શિક્ષકોને જાણ કરી છે.

# પડતર માંગણીઓ ઉકેલવા રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા ઓનલાઈન આંદોલન

રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ, ગુજરાત દ્વારા પડતર પ્રશ્નો મુદ્દે સરકાર સામે ઓનલાઈન આંદોલન હાથ ધર્યું છે.





જેમાં મુખ્ય ત્રણ માંગ ૪૨૦૦ ગ્રેડ પે, સીસીસી પાસને મૂળ તારીખથી ઉચ્ચતર પગારધોરણ મળે, મુખ્ય શિક્ષક (એચટીએટી)ને થતા અન્યાય દૂર થાય માટે રાજ્યના શિક્ષકોએ સોસિયલ મિડિયા મારફતે આંદોલનનું રણશિંગુ ફુંકયું છે. રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંતના પ્રમુખ ભીખાભાઈ પટેલે જણાવ્યું હતું કે ૨૦૧૦ પહેલાના શિક્ષકોને મળતું પ્રથમ ઉચ્ચતર પગારધોરણ ૪૨૦૦ ગ્રેડ પે ૨૦૧૦થી બંધ કરાતાં શિક્ષકોને મહિને દસ હજાર રૂપિયા સુધીનું આર્થિક નુકસાન થઈ રહ્યું છે જે ખૂબ જ અન્યાયકર્તા છે. જેને લઈને શિક્ષકોમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

સંગઠનના હોદ્દેદારો અને સરકાર સાથેની બેઠકમાં યોગ્ય ઉકેલ ન આવતાં હાલની સ્થિતિએ સોસિયલ મિડિયામાં ૨૫ જૂનથી શરૂ થયેલા આ આંદોલનમાં પ્રથમ દિવસે ૪ કલાકમાં જ ૮૦૦૦ શિક્ષકો વિરોધ દર્શાવવા જોડાયા હતા. પાંચ દિવસમાં રાજ્યના એક લાખથી વધુ શિક્ષકો પોતાની માંગણીઓ સાથેનો ફોટો શેર કરી વિરોધ દર્શાવશે એમ પણ જણાવ્યું હતું.

આ આંદોલનમાં અરવલ્લી જિલ્લાના તમામ તાલુકાઓમાંથી ખૂબ મોટી સંખ્યામાં શિક્ષકો પોતાની માંગણીઓ સાથેનો ફોટો શેર કરી વિરોધ દર્શાવી રહ્યા છે એમ પ્રાથમિક શૈક્ષિક મહાસંઘ-અરવલ્લીના પ્રમુખ મિનેષભાઈ પટેલે જણાવ્યું હતું.





# ધાનેરા તાલુકાના કોટડા ગામે દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરાઈ

ધાનેરા તાલુકાના કોટડા ગામે દબાણ ને લઈ ગામના શંકરભાઈ નામના વ્યક્તિએ હાઈકોર્ટમાં પીટીશન દાખલ કરતા આજે હાઈકોર્ટના આદેશ મુજબ દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી જેમાં ૨૦ જેટલા મકાનો દૂર કરાયા હતા ગરીબ પરિવારના મકાન ધરાશાયી થતા પરિવાર પર આભ તૂટી પડે છે ટૂંક જ સમયમાં શરૂ થતી ચોમાસાની ઋતુ વરસાદ વાવાઝોડું તમામ મુશ્કેલીઓ વચ્ચે ૨૦ જેટલા પરિવારના ઘર છીનવાઈ જતાં પરિવાર આજે નિરાધાર બને છે તો બીજી તરફ ગામમાં દબાણ હટાવ ઝુંબેશ કઈ ખુશી કહી ગમનો માહોલ જોવા મળ્યો હતો